**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૩/૦૩/૨૦૧૯ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૩/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭૮ બિયર ટીન, ૨ સ્કૂટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૪/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૬૫/૧૯**

**સોલા હાઇકોર્ટઃ** દશરથભાઈ મગનદાસ પટેલ (ઉ.વ.૭૫) (રહે.અનાર બંગ્લોઝ, શીવમ ટેનામેંટની બાજુમાં કે.કે.નગર, ઘાટલોડીયા) એ તા.૧૨/૦૩/૧૯ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) રોનીત નરેન્દ્રકુમાર ભટ્ટ (રહે.ભટ્ટની ખડકી, ગામ વાવોલ તા.જી. ગાંધીનગર તથા તેના પાર્ટનર (૨) હિમાંશુ ઉર્ફે સન્ની જગદીશભાઈ મીણા (રહે.શાશન એપાર્ટમેંટ, પ્રેરણાતિર્થ દેરાસર સામે, જોધપુર ગામ, સેટેલાઈટ) એ ભેગા મળી ઘાટલોડીયા આર.સી. ટેકનીકલ રોડ, એપોલો આર્કેડ, “ગરૂડા એજ્યુકેશન” નામ ની ઓફીસ ખાતે દશરથભાઇ પાસેથી પ્રોસેસીંગ ફિ પેટે રૂપિયા ૭૦,૦૦૦/- તેમજ કોલેજ ફિ પેટે રૂપિયા ૬,૪૬,૭૦૦/- મેળવી લઇ, અમેરીકાની યુનીવર્સીટી ફિ ભર્યા અંગેની બનાવટી પહોંચ આપી, કુલ રૂપિયા ૭,૧૬,૭૦૦/- મેળવી લઇ, પૈસા પરત નહી કરી, દશરથભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**નરોડાઃ** હિનાબહેન ડો/ઓ ગોપાલભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૦)(રહે. મોહનલાલ મિસ્ત્રીની ચાલી એસ.બી.આઈ બેંક સામે બાપુનગર) એ તા.૧૨/૩/૧૯ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા બેઠક, ઈન્દુમતી કોમ્પલેક્ષ ખાતે આવેલ “ગ્લોબલ કંસ્ટ્રક્શન” ખાતે આરોપી (૧) નીરજ લલીતપ્રસાદ સીંગ (ઓફીસઃ નરોડા બેઠક પાસે ગ્લોબલ કંસ્ટ્રક્શન નરોડા બેઠક પાસે ઈન્દુમતી કોમ્પલેક્ષ નરોડા) તથા તેમના માણસો (૨) રાહુલ (૩) સુનીલ અને (૪) રોશની ફાલ્ગુન શાહ (રહે.આસ્થા સ્ક્વેર સાતમો માળ કે.બી.રોયલ અલ્ટેજા ગ્રીન વોરાની પાસે ન્યુ ચાંદખેડા) એ ભેગા મળી હિનાબહેન તથા અન્ય સાહેદોને વિશ્વાસમાં લઇ, મકાન આપવવાની લોભામણી વાતો કરી કુલ રૂપિયા ૭,૯૦,૦૦૦/- મેળવી લઇ, મકાન નહી અપાવી તેમજ પૈસા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ..ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૬/૧૯</u>**

**સેટેલાઈટ**ઃ નિલેશકુમાર પદમકુમાર શાહ (ઉ.વ.૫૭) (રહે.મંગલમ એપાર્ટમેંટ સોમેશ્વર જૈન દૈરાસર સામે, મેંડીલીક હોસ્પિટલ પાછળ સેટેલાઈટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૧૯ બપોરના ૩/૦૦ થી તા.૧૨/૦૩/૧૯ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યકિત ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા ચીજ વસ્તુઓ મળી કુલ રૂપિયા ૪,૨૬,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૭/૧૯</u>**

**કૃષ્ણનગરઃ** ધર્મેન્દ્રસિહ હેતુભા વાઘેલા (રહે. સૃષ્ટી પાર્ક સોસાયટી પાર્શ્વનાથ ટાઉનશીપ પંચેશ્વર મહાદેવ સામે નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૩/૧૯ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન સૃષ્ટીપાર્ક શ્રી શક્તિ જવેલર્સ નામની દુકાન નં-૧૨ ખાતે ગ્રાહક તરીકે આવેલ એક પુરોષ ધર્મેન્દ્રસિહની નજર ચુકવી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

**વટવાઃ** વિરાજસિંહ દક્ષેશસિંહ પરમાર (રહે. સમર્પણ ફલેટ વૈકુઠ એપાર્મટ સામે કેડીલા બ્રિજની બાજુમાં ઘોડાસર) તા.૦૯/૦૨/૧૯ રાતના સમયે રહેણાંક નજીક ઘરની બહાર સુતા હતા ત્યારે અજાણી વ્યક્તિ વિરાજસિહના હાથમાં પહેરેલ સોનાની લકી કિમત રોપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ વિરાજસિહ પરમારે તા.૧૨/૦૩/૧૯ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૮/૧૯</u>**

**સોલા હાઇકોર્ટ**ઃ રોલીબહેન વા/ઓ પ્રાંજલભાઇ નિગમ (ઉ.વ.૪૧) (રહે.શ્રી નારાયણ પેલેસ સેલ પેટ્રોલ પંપ સામે ઝાયડસ હોસ્પીટલ રોડ થલતેજ) તા.૧૨/૦૩/૧૯ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે થલતેજ હેબતપુર સર્કલ પાસે આવેલ હંસવિલા રેસીડન્સી પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) એક પુરૂષ રોલીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ રોલીબહેન નિગમે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૯/૧૯</u>**

**વાસણાઃ** મુકેશભાઈ દેવજીભાઈ પરમાર (ઉ.વ.૪૦) (રહે. શેરી નંબર-૦૬ ચામુંડાનગર જીવરાજ મેહતા હોસ્પિટલ સામે જીવરાજપાર્ક) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૩/૧૯ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી યુ.આર.ભટ્ટ ચલાવે છે.

**ખાડીયાઃ** નીતીનભાઇ બાબુભાઇ ત્રીવેદી.(આશરે ઉ.વ.૬૮) (રહે. ક્રીસી-પ ફ્લેટ દેવનીશેરી લાખા પટેલની પોળ  પતાસા પોળ પાસે રાયપુર ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૧૯ બપોરના ૧/00 વાગ્યા પહેલા ઘરની આગળના ભાગે આવેલ પાણીની ટાંકીમા પડી આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચાવડા ચલાવે છે.

**અમરાઈવાડીઃ** નરેશભાઈ વાલજીભાઈ સોલંકી (ઉ.વ.૩૫) (રહે. ચામુંડાનગર લાઈન નંબર-૩ સ્વસ્તીક ચાર રસ્તા પાસે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૧૯ બપોરના ૨/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશચન્દ્ર સામંતસીંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.